જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૧/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૦૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૦૯૧	૧૦	૧૧૧૦૧	૧૭૨૨૧	૧૦	૧૭૨૩૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૬૮૩	૦	૪૬૮૩	૬૨૦૬	૦	૬૨૦૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૨	૦	૬૨	૨૬૦	૦	૨૬૦
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૫૦૭૬	૧૯૯	૨૫૨૭૫	૨૬૨૭૦	૧૮૦	૨૬૪૫૦
કુલ		૪૦૯૧૨	૨૦૯	૪૧૧૨૧	૪૯૯૫૭	૧૯૦	૫૦૧૪૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૩	૧૬,૫૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬૭૩	૩૬,૭૩,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

પાસા અટકાયતના આરોપીને પકડી લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો સીની.પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.બલોચ ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામવાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૪૪૧/૨૦૨૦ તા-૩૦/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી મોહમદ ફારૂક અબ્દુલહમીદ શેખ ઉ.વ.૩૩ રહે-૪૮૪ સોદાગળની પોળ ગફુર બિલ્ડીંગ સામે હરીજન વાસ જમાલપુર અમદાવાદ શહેર નાઓને લાજપોર જેલ સુરત ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ તથા માણસોએ બાતમી હકિકત આધારે સદરી ઇસમને પકડી પાડતા આજરોજ તા-૩૧/૧૨/૨૦૨૦ રોજ સદર પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસા અટકાયતમાં લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપેલ છે. તા-૩૧/૧૨/૨૦૨૦



કાગડાપીઠ પોલીસ સ્ટેશન

પ્રોહીબીશન સબંધી એક આરોપીની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.પાંડવનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના તથા પી.આઇ પર્સનલ સ્ટાફના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનામા એક આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપીને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

આરોપી મુકેશ ઉર્ફે બાટલી દિપકભાઈ જેસીંગભાઇ ઠાકોર ઉ.વ.૩૨ રહે.જયેન્દ્ર પંડીતનગર કાંકરીયા રોડ અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૨૧૭/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ ના વિદેશીદારૂના કબજાના ગુનામાં સદરી આરોપીની વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૧૪૪૭/૨૦૨૦ તા.૩૧/૧૨/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીને "ભુજ" જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીને તા.૩૧/૧૨/૨૦૨૦ ના કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી "ભુજ" જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૦



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૦૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨૨ કેસ કરી, ૧૬૪ વ્યક્તિઓને ઝડપી, ૬૮૧ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૦૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૦૪/૨૦૨૧**

વેજલપુરઃ પરેશભાઇ અરવિંદભાઇ દવે (ઉ.વ.૫૨) (રહે.શાંતિનાથ એપાર્ટમેન્ટ વેજલપુર બસ સ્ટેન્ડ સામે વેજલપુર) એ તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૦ સવારના ૧૧/૩૦ થી સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૮૪૩૬૨૮૦૪૧૫, ૮૩૫૦૦૧૩૫૨૩ તથા ૭૦૭૪૦૯૨૨૪૫ ના ધારકોએ અનુક્રમે હર્ષ અગ્રવાલ, રોહીત તથા આદીત્યસીંધ નામ જણાવી પોતે એમેઝોન ઇન્ડીયાથી વાત કરતા હોવાની ઓળખ આપી પરેશભાઈના પુત્ર સાથે મોબાઈલ ફોન પર વાત કરી ઓન લાઇન ખરીદી પેટે ડીસ્કાઉન્ટ તથા ગીફ્ટ આપવાની લાલચ આપી ઇલેક્ટ્રોનીક ટ્રાન્જેકશન કોડ નંબર નખાવી પરેશભાઈના પુત્રના મિત્રના તથા પરેશભાઈની પત્નીના બેન્ક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૪૪,૯૮૬/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૦૫/૨૦૨૧**

મેઘાણીનગરઃ વિધ્યાધર બજરંગલાલ શર્મા (ઉ.વ.૩૫) (રહે.રેમ્બો ફલેટ સીંધી કોલોની જુલેલાલ ચાર રસ્તા પાસે સરદારનગર) તા.૩૧/૧૨/૨૦૨૦ કલાક ૩/૨૫ વાગ્યાના સુમારે જગદીશભાઇ સાથે મોટર સાયકલ ઉપર એરકાગોઁ એચ.કયુ.એરફોર્સના ગેટ નજીક માં અંબાની ચાલીના કોટની દિવાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષોએ વિધ્યાધર શર્મા તથા જગદીશભાઈને રોકી, મારામારી કરી વિધ્યાધર શર્મા જગદીશભાઈ પાસેની બેગમાં મુકેલ જય માતાજી લોજીસ્ટીક કુરીયર કંપનીના પાર્સલ કુલ-૫ જેમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૩૪,૪૮,૯૩૦/- તેમજ રાજકોટની જય માતાજી એર કુરીયર કંપનીના પાર્સલ કુલ-૯ જેમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૪૯,૦૬,૨૧૯/- તથા સાહેદ જગદીશભાઇની રાજકોટની બ્રાઇટ લોજીસ્ટીક કુરીયર કંપનીના પાર્સલ કુલ-૧૩ જેમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૯૪,૬૪,૨૧૦/- મળી કુલ પાર્સલ-૨૭ મળી કુલ કિમત રૂપિયા ૧,૭૮,૧૯,૩૫૯/- સાથેની બેગ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૦૬/૨૦૨૧**

રાણીપઃ તા.૩૧/૧૨/૨૦૨૦ કલાક ૫/૩૦ વાગ્યા પહેલા રાણીપ પોલીસ લાઇનની બાજુના મકાનમાં કોઈ કારણસર આગ લાગતા મકાનમાં રહેતા ઉમાશંકર કાંતાપ્રસાદ રાઇ (ઉ.વ.૬૭) (મુળ ગામ-કેરમા ભુજાઇ તા.જી.આઝમગઢ (ઉત્તરપ્રદેશ)) ગંભીર રીતે દાઝી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર રાજકુમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૦૭/૨૦૨૧**

ચાંદખેડાઃ જયેશ પ્રવિણચંદ્ર શ્રીમાળી (ઉ.વ.૪૫) (રહે. મનમોહનનગર સોસાયટી શારદા પેટ્રોલપંપ પાસે ચાંદખેડા) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૩૧/૧૨/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

નિકોલઃ સુનિલભાઈ ગોવિંદભાઈ પટણી (ઉ.વ.૨૬) (રહે. રતનબાનગર લીલાનગર રોડ ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ક્રીપાલસિંહ વજુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી